
### અરિહંત ફાર્મસી કોલેજમાં ગુજકોસ્ટ પ્રાયોજિત

# 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટી ઈન ફાર્મા એન્ડ બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ - પોસ્ટ કોવિડ એરા' એક દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બી.આર.આઈ - અડાલજ, ગાંધીનગર ખાતે તારીખ ૨૭-૮-૨૦20 ના રોજ ગુજકોસ્ટ પ્રાયોજિત 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટી ઈન ફાર્મા એન્ડ બાયોટેક ઈન્ડસ્ટ્રીઝ - પોસ્ટ કોવીડ એરા' નો એકદિવસીય રાષ્ટ્રીય સેમિનારનું સંસ્થાના સંશ્થાપક શ્રી રિષભજૈન ના માર્ગદર્શક હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફાર્મસી કોલેજમાંથી ૩૫૦ વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં ડો.નરોત્તમ



શાહુ (એડવાઈઝર ગુજકોસ્ટ ) એ હાજરી આપી હતી એમને પોતાના વક્તવ્યમાં જણાવ્યુકે આ કોવિડ - ૧૯ પરિસ્થિતિમાં ઈ-સેમિનાર કરવા માટે GUJCOST & DST દ્વારા વિવિધ ગ્રાન્ટ વિષે માહિતગાર કર્યા હતા.

આ સમારંભમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડો રાગિન શાહે વિધાર્થીઓને આ સેમિનારનું આયોજન કરવા પાછળના ઉદ્દેશ વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં જુદા જુદા વિભાગોના નામી વક્તાઓએ પ્રવચનો આપી વિધાર્થીઓ અને ફેકલ્ટીઓને પ્રભાવિત કર્યા હતા. જેમાં એમ મિસ્ટર શ્રીનિવાસ શંકરાપ્રસાદ સરે અનિચ્છિતતા અને પડકારો વિશે માહિતગાર કર્યા હતા અને તેના ઉપાયો માટે વિવિધ ડિજિટલ ટેક્નોલોજી - AI, IOT, 3D પ્રિન્ટિંગનો ઉપયોગ વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર આવવાની તકો વિષે માહિતગાર કર્યા હતા.

તદઉપરાંત જેમાં ડો. વિમલ કુમારે પોતાના વક્તવ્યમાં ફાર્મા કંપનીના ચેલેન્જિસ અને તેના થકી મળેલી અપોર્ટ્યૂનિટી ફોર API અને વિવિધ કંપની દ્વારા વેક્સિનના પરીક્ષણ વિષે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમનાં અંતર્ગત સંસ્થા દ્વારા 35 E-ORAL પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેની થીમ ફાર્મસીના અલગ અલગ ડીપાર્ટમેન્ટમાં ઈનોવેશન પર આધારિત હતું. એક્સપર્ટ દ્વારા તેમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જેમાં ઘણા નવીન ટોપિક્સ જેવા કે હર્બલ માસ્ક, હર્બલ ચોકોલેટ, ઈનોવેટિવ કેનન થેરાપી જેવા ટોપિક પર રજુઆત થઈ હતી.

કાર્યક્રમની પુર્ણાહુતી ડો.સુનિતા ચૌધરી દ્વારા સારાંશ આપ્યો હતો અને ડો. દિવ્યકાંત પટેલે વિજેતાઓના નામ જાહેર કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા અને કાર્યક્રમના અંતમાં મોના કૌશલે આભાર વિધિ કરી હતી.

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા 'ફીટ ઈન્ડિયા ફ્રીડમ રન' યોજાયો








ગાંધીનગર, તા. ૨૯

કામધેનુ યુનિવર્સિટી કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર ખાતે કોવિડ-૧૯ની સરકારશ્રીના દિશાનિર્દેશોનું પાલન સાથે વિશ્વ રમત દિવસ ઉજવણી નિમિત્તે "Fit India Freedom Run/ Jogging' યોજયો હતો. આ કાર્યક્રમમાં કામધેનુ યુનિવર્સિટીના માન. કુલપતિ ડૉ. એન. એચ. કેલાવાલા, યુનિવર્સિટીના અધિકારીઓ તથા કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં કુલપતિ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મેજર ધ્યાનચંદની સિદ્ધિઓ તથા ભારતીય હોકી રમતમાં તેમના યોગદાનને યાદ કરતા જણાવ્યું કે મનુષ્યની શારીરિક અને માનસિક તદુરસ્તી અકબંધ રહે તે માટે નિયમિત હળવી કસરત, પ્રાણાયામ, યોગા, જોગીંગ કરી ફીટ રહેવા હાકલ કરી હતી.

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં સૉફ્ટવેર ટેસ્ટીગ અંગેનો વેબિનાર યોજાયો




ગાંધીનગર, તા. ૨૯

કોવિડ-૧૯ થી ઉત્પન થયેલી પરિસ્થિતી મા ટેકનોલોજીના જ્ઞાન ની મહત્વતા રાષ્ટ્રીય તથા આંતર-રાષ્ટ્રીય લેવલે ખુબજ વધી રહી છે. આ સંદર્ભમા બાપુ ગુજરાત નોલેજ વિલેજ ની ઈજનેરી કોલેજ દ્દ્વારા સૉફ્ટવેર ટેસ્ટીગ ફેક્ટ ચેક વિથ ઈંડ્રસ્ટી એક્સપર્ટ'' વિષય પર વેબિનાર યોજાયો હતો.

આ વેબિનાર માં મુખ્ય વક્તા તરીકે એપટસ, અમદાવાદ માં સિનિયર મેનેજર તરીકે સેવા આપી રહેલા મી.ઉજાસ અધવર્યુ એક્સપર્ટ તરીકે હાજર રહયા હતા. ઓંનલાઈન માધ્યમ થી લેવાયેલા આ વેબિનાર માં ઉજાસ અધવર્યુ સરે સૉફ્ટવેર ટેસ્ટીગ મહત્વતા અને તેની આઈ.ટી ફિલ્ડ મા રહેલી કરીયર ની તકો વીશે અને સૉફ્ટવેર ટેસ્ટીગના જ્ઞાનનુ મહત્વ ભારત મા અને વિદેશ મા શુ છે વગેરે મુદ્દા પર વિગતવાર ચર્ચા કરી હતી. ગૂગલ મીટ દ્વારા યોજાયેલા આ વેબિનાર મા કુલ ૭૫ વિદ્યાર્થીઓએ અને આઈ.ટી, કોમ્પ્યુટર ના મોટા ભાગના ફેક્લ્ટી મિત્રોએ ભાગ લીધો હતો. ઈ-લર્નીંગ ના માધ્યમથી યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોમ્પ્યુટર અને આઈ.ટી ડિપાર્ટ્મેંટના સમગ્ર સ્ટાફ સાથે મળી ને કર્યુ હતુ.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ કેમ્પસના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા, સંસ્થાના ડાયરેક્ટર પ્રોફેસર રવિ કુમાર એ કોલેજના પ્રિન્સિપાલ ડો.કિંજલ અધવર્યુ એ સમગ્ર સ્ટાફે ને અભિનંદન પાઠવ્યા હતા.









## એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન 'માટીના રમકડાં' બનાવવાની પ્રવૃત્તિનું આયોજન

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષણની સાથે - સાથે વિદ્યાર્થીની બહેનો સહ અભ્યાસ પ્રવૃત્તિમાં રસ લે તેવા હેતુસર ધોરણ-૩ની વિદ્યાર્થીની બહેનો માટે માટીના રમકડાં બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ જેટલી વિદ્યાર્થીની બહેનો જોડાઈ હતી. જેમાં દરેક વિદ્યાર્થીનીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન કે પટેલના માર્ગદર્શન નીચે મદદનીશ શિક્ષક ચેતનભાઈ કે પંચાલે કર્યું હતું. જેમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્યા નીરુબેન જે પટેલ દ્વારા અભિનંદન આપવામાં આવ્યા હતા.

# એન્થ્રોપોલોજિસ્ટસ શાખામાં આગળ વધવા માટે શું કરવું?




નમસ્કાર. "કરિયર કોર્નર'' કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.


હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મને એન્થ્રોપોલોજિસ્ટ એટ્લે કે માનવશાસ્ત્રના ક્ષેત્રમાં આગળ વધવું છે. માહિતી આપશો.**

**- અપૂર્વ પટેલ, ગાંધીનગર**

જી જરૂર આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. માનવશાસ્ત્રી એ માનવના વિકાસના વિવિધ તબ્બકાઓનો મુખ્યત: બે સિધ્ધાંતો ૧. માનવ ઉત્ક્રાંતિ અને ૨. શારીરિક અને સાંસ્કુતિક ફેરફારોની અસર પર લક્ષ કેન્દ્રીત કરી અભ્યાસ કરે છે. આ ક્ષેત્રમાં કામગીરીની વાત કરીએ તો માનવશાસ્ત્ર એ માનવજાત માટે એક પ્રમાણભૂત સૈધાંતિક માહિતી તૈયાર કરવાનાં હેતુથી આપણને અલગ-અલગ દ્રસ્ટીકોણથી માનવનાં આચરણ / વર્તન અંગે જાણકારી આપે છે. માનવ અસ્તિત્વ અને તેનાં આચરણનાં વિવિધ આયામો નો અભ્યાસ કરવા માનવશાસ્ત્રી આ વિષય સબંધી વિશિષ્ટ શાખાઓમાં આગળ વધે છે. અમૂક પ્રાથમિક શાખાઓની વાત કરીએ તો એક છે શારીરિક (ભૌતિક) માનવશાસ્ત્ર ( ફિઝિકલ એન્થ્રોપોલોજી) જે શારીરિક માનવશાસ્ત્રી એ મનુષ્યને શરીર ધરાવતા સજીવ તરીકે જૂએ છે જેની જૈવિક



ઉત્ક્રાંતિમાં પોતાની ચોક્કસ જગ્યા છે. તેઓ માનવનાં અગાઉનાં પ્રાચિન સ્વરૂપોનો અભ્યાસ કરે છે. તેઓ માનવની જાતો, માનવ જનનશાસ્ત્ર, શારીરિક અનુકૂલન, પર્યાવરણમાં ફેરફારો અન્વયે થતાં પ્રત્યાઘાતો વગેરેનો અભ્યાસ કરે છે.અને અન્ય શાખા છે પુરાતત્વ વિષયક માનવ શાસ્ત્રી (આર્કિઓલોજિસ્ટ એન્થ્રોપોલોજી)? તેઓ અગાઉનાં (પ્રાચીન) માનવનાં કાર્યો અને પ્રવુતિનાં વિવિધ અવશેષો (પુરાવશેષ) અંગે સંશોધન અને વિશ્લેષણ કરે છે. આ અવશેષો હાડકાઓ અથવા જે તે સમયે લોકો દ્વારા ઉપયોગમાં લેવાયેલ વસ્તુઓનાં હોય છે. પ્રાગેતિહાસિક પુરાતત્વવિદો દ્વારા ખોદકામ કરી, ઓળખી આ પુરાવષેશોનું વર્ગીકરણ કરવામાં આવે છે. આ પુરાવષેશોને અન્ય ક્ષેત્રોમાંથી મળેલ વસ્તુઓ સાથે સરખાવવામાં આવે છે. તેઓ દ્વારા આ તમામને તેમની વય (પુરાવષેશોની અંદાજીત ઉમર- પ્રુથવી પર તેમની ઉત્પતી સમય) નક્કી કરી કાલાનુક્રમિક ગોઠવવામાં આવે છે. આ એક એવા ઈતિહાસની રચના છે જે બિનસાહિત્યિક પુરાવાઓનાં આધારે રચવામાં આવે છે અન્ય એક શાખા છે ભાષાકિય માનવશાસ્ત્રી કે જેમાં ભાષાકિય માનવશાસ્ત્રી એ બંને લેખિત અને મૌખિક ભાષાઓનો અભ્યાસ કરે છે. આ ક્ષેત્ર માટે આપને આદિવાસી જાતિઓ/સમૂદાયોની વિવિધ સંસ્કૃતિઓ, રિવાજો અને તેનાં ઈતિહાસમાં રૂચી હોવી જોઈએ , સારી યાદદાસ્ત અને તાર્કિક બુધ્ધી, સંશોધનમાં રૂચી, સારી ભાષાકિય ક્ષમતાં, લાંબા સમય સુધી દૂરના અને જંગલ વિસ્તારોમાં રૂચી સહિત કાર્ય કરવાની ક્ષમતાં, સારી દસ્તાવેજી રજૂઆતની કળા વગેરે બાબતો રહેલી હોવી જોઈએ.અને છેલ્લે કારકિર્દીની તકો વિષે વાત કરીએ તો અંતરરાષ્ટ્રીય સંસ્થાઓ જેમકે વ્હુ (ડબલ્યુ એચ ઑ), યુનિસેફ, સયુંક્ત રાષ્ટ્ર સ્વયંસેવક યોજના તથા દવાઓ, મોટી કંપનીઓનાં માનવ સંશાધન વિભાગો જે મેનેજરોને અંતર સાંસ્કુતિક આદાન-પ્રાદાનની તાલિમ અંતર્ગત કામ મેળવી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. ધોરણ ૧૨ પછી એરક્રાફ્ટ મેન્ટેનન્સ એન્જીનીયર બનવા માટેની માહિતી આપશો.**

**- ઉજ્વલ રાવલ, અમદાવાદ**

ખૂજ જ સરસ . આપ ચોક્કસ આ ક્ષેત્રમાં આગળ વધી શકો છો. આ ક્ષેત્રની વાત કરીએ તો કાર્યક્ષમતા, સુરક્ષા અને ઉપયોગિતા હેતું વિમાનની મરામત અને સર્વિસ નિયમિતપણે થતી રહેવી જોઈએ. વિમાન રખરખાવ એન્જીનીયરએ વિમાનની ફ્રેમ, એન્જીન, ઈલેક્ટ્રીકલ સિસ્ટમ, અને અન્ય ફિટીંગ સબંધી એરોનોટિકલ એન્જીનીયરની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્ય કરે છે. આ કામગીરી માટે કોઈ એક અથવા એક કરતા વધુ પ્રકારના વિમાનો પર મિકેનિક કાર્ય કરતા હોય છે. મહતમ કાર્યક્ષમતા મેળવવા મિકેનિકને પ્રાય: ઈલેક્ટ્રીકલ સિસ્ટમમાં નિપુણ થવા તાલિમ આપવામાં આવે છે તેઓ ન્યુમેટિક ટેસ્ટર તેમજ એરકંડિશનીંગ મિકેનીક તરીકે પણ કાર્ય કરતા હોય છે. એરલાઈન્સ ( વિમાન કંપનીઓ ) એરક્રાફ્ટ મેકેનિકને બે પ્રકારના કાર્યો માટે નિયુક્ત કરે છે. એક છે લાઈન મેન્ટેનન્સ મેકેનિક કે જેમાં લાઈન મેન્ટેનન્સ મેકેનિકએ વિમાનના દરેક પુર્જા ( પાર્ટસ) પર કાર્ય કરી શકે છે. એરપોર્ટ પર આપાતકાલિન સમયે અને અન્ય આવશ્યક રીપેરીંગ કામગીરી કરે છે. ફ્લાઈટ એન્જીનીયર ( વિમાન ઈજનેર ) કે જેઓ ઉડયન શરૂ થતા પહેલા વિમાનની સંપુર્ણ ચકાસણી કરે છે તેઓ દ્વારા તેઓનું માર્ગદર્શન કરવામાં આવે છે.ઓવરહૌલ મેકેનિક કે જેમાં ઓવરહૌલ મેકેનિકએ વિમાન દ્વારા નિયત



સંખ્યામાં ઉડયન પુર્ણ કર્યા બાદ વિમાનની રૂટિન મેન્ટેનન્સ કામગીરી કરે છે. એરક્રાફ્ટ એરફ્રેમ મેકેનિકએ એરફ્રેમના ઓવરહૌલીંગની જવાબદારી સંભાળે છે. આ કાર્ય માટે અપેક્ષિત કુશળતાની વાત કરીએ તો ગાણિતિક ક્ષમતાં, ટીમ સદસ્ય તરીકે કામ કરવાની ક્ષમતાં, ઉત્તરદાયિત્વ એટ્લે કે લીડરશિપ, અસામાન્ય કલાકોમાં પણ કાર્ય કરી શકવા સક્ષમ, શુધ્ધતા, વિશ્વાસપાત્ર, ચોકસાઈ, ઉપરી અધિકારીની આજ્ઞાનું પાલન કરનાર. હવે આ ક્ષેત્રમાં રોજગારીની તકોની વાત કરીએ તો એરોનોટિક્સમાં ડિપ્લોમાં કરનારએ એન્જીનિયરીંગ વિભાગમાં ટેકનિશિયન તરીકે કાર્ય કરી શકે છે. એરઈન્ડિયા, ઈન્ડિયન એરલાઈન્સ, પવન હંસ, હેલીકોપ્ટર કોર્પોરેશન ઓફઈન્ડિયા, સ્પાઇસ જેટ, કિંગફિશર એરલાઈન્સ, જેટ એરવેયઝ, ઈન્ડિગો, ખાનગી ફ્લાઈંગ ક્લબ, વગેરેમાં નોકરી મળી શકે છે. એરલાઈન્સ એરોનોટિકલ મેકેનિકને હિન્દુસ્તાન એરોનોટિકલ લી. , સરંક્ષણ સંશોધન અને વિકાસ લેબોરેટરી (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડવલેપમેન્ટ લેબોરેટરી), નેશનલ એરોનોટિક્લ લેબ, એરોનોટિકલ ડવલેપમેન્ટ એસ્ટાબ્લીશમેન્ટ વગેરેમાં નોકરી મળી શકે છે. ઓલ ધ બેસ્ટ!

**૩.મે બી.એસ.સી પૂરું કરેલ છે. હાલ બહાર પડેલ સે.એ.પી.એફ ની ભરતી વિષે માહિતી આપશો? શું હું આ પરીક્ષા આપી શકું?**

**- ગૌરવ પટેલ, ગાંધીનગર**

જી, બિલકુલ આપ આ પરીક્ષા આપી શકો છો અને ઉત્તીર્ણ પણ કરી શકો છો. કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ) એ ગૃહ મંત્રાલયના અધિકાર હેઠળ ભારતમાં સાત સુરક્ષા દળોના સમાન નામકરણનો સંદર્ભ આપે છે. તેઓ આસામ રાઈફલ્સ (એઆર), સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ), બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ), સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (સીઆઈએસએફ), નેશનલ સિક્યુરિટી ગાર્ડ (એનએસજી), ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ (આઈટીબીપી) અને સશસ્ત્રસીમા બાલ (એસએસબી).આ જે જગ્યાઓ છે એ મુખ્યત્વે ૩ પ્રકારે ભરવામાં આવે છે. એક છે ગેઝેટેડ અધિકારી જે યુ.પી.એસ.સી. દ્વારા લેવામાં આવતી સેન્ટ્રલ સશસ્ત્ર પોલીસ દળ (સહાયક કમાન્ડન્ટ્સ) ની પરીક્ષા દ્વારા સીએપીએફમાં અધિકારીઓની ભરતી કરવામાં આવે છે.બીજુ છે સબઓર્ડિનેટ ઓફિસર જે સ્ટાફ પસંદગી આયોગ(એસ.એસ.સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા પેટા નિરીક્ષકોની ભરતી કરવામાં આવે છે અને તેઓને ડીએસઓ (સીધા નિમણૂક કરેલા સબઓર્ડિનેટ અધિકારીઓ) તરીકે ઓળખવામાં આવે છે.અને ત્રીજી જગ્યા છે કોન્સટેબલ માટે સ્ટાફ પસંદગી આયોગ (એસ. એસ. સી) દ્વારા લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા નિયુક્ત કરવામાં આવે છે.હવે જો આ બધા માટે લેવામાં આવતી પરીક્ષા ની વાત કરીએ તો



આ પરીક્ષા સ્નાતક કક્ષા ના વિદ્યાર્થીઓઆપી શકે છે.૨૦ થી ૨૫ વર્ષ સુધી ના વિદ્યાર્થીઓ આ માટે લાયક ઉમેદવાર છે.એમાટે તમે ઓનલાઈન ફોર્મ થકી આપ ઉમેદવારી નોંધાવી શકો છો. આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં થાય છે. પ્રથમ તબક્કા માં ઓબ્જેક્ટિવ રૂપે જનરલ એબીલીટી અને સામાન્ય જ્ઞાન ના પ્રશ્નો પુછવામાં આવે છે.બીજા તબક્કા માં આપનું મેડિકલ અને ફિઝિકલ ચેકિંગ થાય છે.અને છેલ્લે ઈન્ટરવ્યુ થકી ભરતી કરવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# નર્સિંગ શિક્ષણ સંઘ ગુજરાત પ્રદેશના સંયુક્ત સચિવપદે પ્રો. હિમાલી પ્રજાપતિની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૯

સી એમ પટેલ કૉલેજ ઓફ નર્સિંગના પ્રો. હિમાલી પ્રજાપતિની



નર્સિંગ શિક્ષણ સંઘ ગુજરાત પ્રદેશના સંયુક્ત સચિવ પદ પર નિમણૂંક કરવામાં આવી છે.

નર્સિંગ શિક્ષણ સંઘ ભારતના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. ફારુખ ખાન, તથા રાષ્ટ્રીય મહામંત્રી પ્રો. મનીષકુમાર અને ગુજરાત પ્રદેશના અધ્યક્ષ બીનુ જોયના સંયુક્ત સુચનથી પ્રો. હિમાલી પ્રજાપતિને નવનિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની આ નિયુક્તિ માટે તમામ નર્સિંગ શિક્ષણ સંઘ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સ્મિત મ્યુઝિક દ્વારા એફબી લાઈવ એ ટુ ઝેડ મ્યુઝિક મસ્તિ શૉ સપ્ટેમ્બરમાં યોજાશે




ગાંધીનગર, તા. ૨૯

કોરોના વોરિયર્સના સલામી સન્માનમાં, કોરોના કાળમાં સંગીત રસીકોના ઉત્સાહને માટે સપ્ટેમ્બર મહીનાના દરેક વીક એન્ડમાં ગાંધીનગરના કલાકારોને માટે ઓનલાઈન સીંગીંગ તક આપતો કરાઓકે પ્રોગ્રામ 'એ ટુ ઝેડ મ્યુઝિક' યાને બોલીવુડના તમામ જૂના નવા ગાયકોના ગીતો નો બેનમૂન શો. જેમાં ૧૮ વર્ષના ઉપરના મેલ સીંગરોને કોઈ પણ ફી વગર ૯૬૬૨૦૨૩૧૩૫ મો. ઉપર વોટ્સએપથી નામ, ઉંમર, પસંદગીના સીંગરની વિગત સાથે ૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં નામ રજીસ્ટ્રેશન કરાવવા જણાવવાનાં આવે છે.

સ્મિત મ્યુઝિક માટે નવા સિંગર્સને પોતાના ગાયેલ ગીતના ઓડીયો પણ મોકલવાનો રહેશે. તથા કોઈપણ માહિતી માટે મેસેજથી પૂછવા વિનંતી કરવામાં આવે છે. દર શનિ- રવિએ દરેકને આયોજકે આપેલ તારીખ અને શૉ સમયે ગાવાનું રહેશે. વહેલા તે પહેલા અને નવા સીંગરોને ઓડીયો ચકાસણી તેમજ અમારી મુર્યાદા મુજબ તક આપવાનાં આવશે